www.arthakranti.org

**અખબારી યાદી**

# રાષ્ટ્રીય સમર્પણ યાત્રા માટે અર્થક્રાંતિની હાકલ

મુંબઈ, ૧૨ જૂન, ૨૦૧૨: અર્થક્રાંતિ સંસ્થાએ આજે (મંગળવાર ૧૨ જૂન)થી રાષ્ટ્રીય ચળવળ શરૂ કરવાનું નક્કી કર્યું છે, જેમાં આપણા દેશમાં વિવિધ ભ્રષ્ટાચારના મુદ્દાઓ અને કથળતા જતા અર્થતંત્ર પ્રત્યે નાખુશી આલેખિત કરાશે. અર્થક્રાંતિ સંસ્થાએ હરાથ ધરેલી પત્રકાર પરિષદમાં દેશના અર્થતંત્ર માટે આમૂલ પરિવર્તન લાવવા વિશે સૂચનો કર્યાં હતં. વ્યાપક યાત્રા પણ ઔરંગાબાદથી ૧૫ જુલાઈએ કાઢવાની જાહેરાત કરી હતી.

અર્થક્રાંતિ ચળવળ પ્રકારમાં અહિંસત્મક છે અને કોઈ વ્યક્તિગત કે રાજકીય સંસ્થાને લક્ષ્ય રાખીને કરાતી નથી. આ ચળવળ દેશના અર્થતંત્રમાં સુધારણા લાવવા માટે છે. આ પ્રસંગે બોલતાં અર્થક્રાંતિ પ્રતિષ્ઠાનના પ્રમુખ અનિલ બોકિલે જણાવ્યું હતું કે અર્થક્રાંતિની સંકલ્પના મોંઘવારી, ભ્રષ્ટાચાર, રૂપિયાનું ઓછું થતું મૂલ્ય અને અન્ય દબાણના મુદ્દાઓને વાચા આપવાનું છે. વર્તમાન કર પ્રણાલી (કસ્ટમ્સ, એટલે કે આયાત વેરા સિવાય) સંપૂર્ણ નાબૂદ કરવી જોઈએ. દરેક લેણદેણ બેન્ક થકી જ થાય તો લેણદેણ કર, એટલે કે એકલ સ્થળે કર કાપી લેવાય (કહો કે, ૨ ટકા) તેવી યોગ્ય ટકાવારીમાં અમુક કપાસ આકર્ષશે. અમુક મર્યાદા (રૂ. ૨૦૦૦)થી સુધીની રોકડની લેણદેણ નિયંત્રિત બનાવવી જોઈએ. આવા મહત્ત્વપૂર્ણ સૂચનો અર્થક્રાંતિએ કર્યાં છે.

અર્થક્રાંતિએ સન્માનીય રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ સહિતના અગ્રણીઓ નાગરિકોને પણ આ પગલાંઓ લેવાનો સમય પાકી ગયો હોવાનું જણાવ્યું છે.

સમર્પન યાત્રા ૧૫ જુલાઈએ ઔરંગાબાદથી શરૂ થશે. તે રાળેગણસિદ્ધિમાં શ્રી અણ્ણા હજારેને મળશે, બેન્ગલુરુમાં શ્રી શ્રી રવિ શંકરને મળશે, હરિદ્વારમાં બાબા રામદેવને અને દિલ્હીમાં એપીજે અબ્દુલ કલામને મળશે. અમે આ ચાર હસ્તીઓને અમને માર્ગદર્શન આપવા માટે વિનંતી કરીશું. અર્થક્રાંતિના ટ્રસ્ટી અનિલ શિંદેએ જણાવ્યું હતું કે આ ચળવળના પ્રચારમાં દેશમાં આર્થિક સુધારણા અને જન લોકપાલ બિલનો પણ સમાવેસ કરાશે.

અર્થક્રાંતિના પ્રતિનિધિ દીપક કરંજીકરે જણાવ્યું હતું કે દેશભરમાંથી હજારો સ્વયંસેવકોએ આ યાત્રા માટે નોંધણી કરાવી છે અને દેશને ફરીથી ઊભો કરવા માટે અથાક પ્રયાસ કરવા તેમને વિનંતી કરવામાં આવી છે. અર્થક્રાંતિ નવી દિલ્હીમાં ૧૬ ઓગસ્ટે આ ચાર હસ્તીઓને એક મંચ પર લાવવાનો પણ ઈરાદો ધરાવે છે.

अर्थक्रांती
प्र ति ष्ठा न
www.arthakranti.org

**અર્થક્રાંતિ વિશે**

અર્થક્રાંતિ વર્તમાન ભારતીય સામાજિક- આર્થિક પરિપ્રેક્ષ્ય ધરમૂળથી બદલાઈ જાય તેની સુધારણા લાવવાની હિમાયતી છે. અમે ભારપૂર્વક માનીએ છીએ કે આ પ્રસ્તાવોનો અમલ કરવાથી આપણા દેશના સર્વ નાગરિકો માટે તે સૈદ્ધાંતિક, સમૃદ્ધિમય અને શાંતિપૂર્વક રહેણીકરણીને પ્રોત્સાહિત કરશે. રાષ્ટ્રને અંદરથી મજબૂત બનાવવા ઉપરાંત ભારતને આંતરરાષ્ટ્રીય સ્તરે પાત્ર છે તે સન્માન મળે તે વિશે પણ જાગૃતિ ફેલાવવામાં આવશે.

જો દરેક નાગરિકો આ કાજમાં યોગદાન આપશે અને સમિતિઓ રચીને ચૂંટાયેલા પ્રતિનિધિઓ થકી સરકાર પર દબાણ લાવશે અને પ્રસ્તાવોનો અમલ કરશે તો આ સ્થિતિ સુધરીને ચળવળ સફળ થઈ શકે છે.

**વધુ માહિતી માટે સંપર્કઃ**
ઓરમ મિડિયા પ્રા. લિમિટેડ
પૂજા/ સુહેબ/ ડેઈઝી
9820473457/9699893932/9820724179